વમળોની વચ્ચે નૈયા મુજ હાલકડોલક થાજો, શ્રદ્ધા કેરો દીપક ના કદીયે ઓલવાજો, મારું જીવન અંજલિ થાજો...

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૮૭૫ |
| અમદાવાદ | ૧૬૫ |
| ગાંધીનગર | ૩૨ |

પાટનગરનું પોતાનું અખબાર


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૨૨ ૧૧ જુલાઈ, ૨૦૨૦, શનિવાર; અષાઢ વદ - ૬ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ગેંગસ્ટર વિકાસ દુબે એન્કાઉન્ટરમાં ઠાર

**આઠ પોલીસની હત્યા કરનાર વિકાસનો આઠમા દિવસે જ ખાત્મો : - કાનપુર ટોલ નાકાથી ૨૫ કિમી દુર વિકાસ દુબેને લઇ આવતી કાર ઉંધી વળતા વિકાસ દુબેએ હથીયાર છીનવી ભાગવાનો પ્રયાસ કર્યો, તેને સરેન્ડરની તક આપી પણ તેણે ફાયરીંગ કરતા વળતા ગોળીબારમાં તે મોતને ભેટ્યો : અથડામણમાં ચાર પોલીસ કર્મચારી અને બે એસટીએફ કમાન્ડો ગંભીર રીતે ઘાયલ થયા : એન્કાઉન્ટરમાં ગેંગસ્ટર વિકાસને ૩ ગોળી છાતી અને એક ખભાના ભાગે વાગતા મોતને ભેટ્યો : એન્કાઉન્ટરના સ્થળેથી ૨૦ કિમી દૂર જ પોલીસે મિડિયાની ગાડીઓને રોકી દીધી : વિપક્ષે વિકાસ દુબેના એન્કાઉન્ટર પર સવાલો ઉઠાવી સીબીઆઇ તપાસની માંગ કરી**



કાનપુર,તા.૧૦

ઉત્તરપ્રદેશના રાજકારણમાં ભારે વગ ધરાવનાર અને તાજેતરમાં કાનપુરમાં આઠ પોલીસકર્મીઓની નિર્દયતાથી હત્યા કરનાર ગેંગસ્ટર અને હાઈપ્રોફાઈલ ગુનેગાર વિકાસ દુબેને આજે શુક્રવારે સવારે પોલીસ એક્રાઉન્ટરમાં ઠાર કરવામાં આવ્યો હતો. વિકાસ દુબેને ગઈકાલે સવારે મધ્યપ્રદેશમાં ઉજ્જૈનના જાણીતા મહાકાલ મંદિરમાંથી ઝડપી લીધા બાદ તેને ટ્રાન્ઝીસ્ટ રિમાન્ડ પર ઉજ્જૈનથી કાનપુર લઈ જવામાં આવી રહ્યો હતો ત્યારે આજે વહેલી સવારે યુપી એસટીએફના કાફલાની ગાડી કાનપુર નજીક વરસાદમાં દુર્ઘટનાગ્રસ્ત થઈ ગઈ હતી. જે ગાડીમાં ગેગસ્ટરને બેસાડવામાં આવ્યો હતો તે એકાએક પલટી ખાઈ ગઈ હતી અને તેનો લાભ લઈને તેણે ભાગવાનો પ્રયાસ કર્યો, પોલીસની પિસ્તેલ ઝૂંટવીને ગોળીબારો કર્યા પરંતુ તરત જ પોલીસના વળતા ગોળીબારમાં તે ઠાર મરાયો હતો. અકસ્માત બાદ પોલીસ અને વિકાસ દુબે વચ્ચે થયેલી અથડામણમાં સિવિલ પોલીસના ચાર કર્મચારી ઘાયલ થયા હતા જે પૈકીના ત્રણ સબ ઈન્સપેક્ટર છે અને એક કોન્સ્ટેબલ છે. તે સિવાય એસટીએફના બે કમાન્ડોને પણ ગંભીર ઈજાઓ પહોંચી છે. એક્રાઉન્ટર કાનપુરથી માત્ર ૧૭ કિમી દૂર ભૌતી નામની જગ્યાએ થયું છે. તે સાથે યુપીના રાજકારણમાં જેને લઈને તરેહ તરેહની ચર્ચાઓ-આક્ષેપો અને કેટલાક નેતાઓ સાથેના રાજકિય સંબંધોના આરોપો વગેરેની આરોપ-પ્રત્યારોપની કહાની પણ તેની સાથે જ પૂરી થઈ ગઈ હોવાનું ચર્ચાઇ રહ્યું છે. આ સાથે જ યુપીમાં એક હાઈપ્રોફાઈલ કેસ-ડ્રામા અને રાજકિય સંબંધો ધરાવનાર ગેંગસ્ટરની કથાનો પણ અંત આવી ગયો હતો. ગેંગસ્ટરના એક્રાઉન્ટરને લઈને પોલીસ અને યોગી સરકાર પર રાજકિય આક્ષેપો પણ શરૂ થઈ ગયા છે. કોંગ્રેસે એવો સવાલ કર્યો કે ગુંડાનો અંત આવ્યો પણ તેના આકાઓનું શું, તેનો જવાબ યોગી સરકાર અને ભાજપે આપવો જોઈએ.સપાના નેતા અખિલેશ યાદવે પણ એક્રાઉન્ટરને લઈને સવાલો કર્યા હતા. નવી જાણકારી સામે આવી

● અનુસંધાન પાન-૭ પર

## આત્મરક્ષણ માટે ગોળીઓ ચલાવી -એડીજી

યુપી એડીજી-લો એન્ડ ઓર્ડર પ્રશાંત કુમારે વિકાસ દુબેના એક્રાઉન્ટર બાદ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. તેમણે જણાવ્યું કે, વિકાસને સરેન્ડર કરવા કહેવામાં આવ્યું હતું પરંતુ તે ન માન્યો. તેને અનેક વખત આત્મસમર્પણ માટે કહેવામાં આવેલું પરંતુ તે ન માન્યો એટલે આત્મરક્ષણ માટે પોલીસે તેને ગોળી મારવી પડી.

## પેટર્ન એક સરખી કેવી રીતે?: દિગ્વિજય સિંહ

કાનપુર એક્રાઉન્ટરમાં આઠ પોલીસકર્મીઓની હત્યાનો જેના પર આરોપ હતો તેવા યુપીના કુખ્યાત ગેંગસ્ટર વિકાસ દુબેનું આજે સવારે એક્રાઉન્ટ થઈ ગયું છે. જેના પર કોંગ્રેસના નેતા અને મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યપ્રધાન દિગ્વિજય સિંહે સવાલ ઉઠાવ્યો છે કે વિકાસ અને તેના બે સાથીઓના એક્રાઉન્ટરની પેટર્ન એકસમાન કેમ છે?

## તેના આકાઓનું શું: પ્રિયંકા ગાંધી

કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ વધુ એક વખત વિકાસ દુબેઈના મુદ્દે ઝંપલાવ્યું છે. પ્રિયંકા ગાંધીએ જણાવ્યું કે, ગુંડાને એક્રાઉન્ટરમાં ઠાર કરી દેવાયો પરંતુ હવે તેના આકાઓનું શું. ગુરુવારે પ્રિયંકા ગાંધીએ પણ વિકાસ દુબે યુપીથી મધ્યપ્રદેશ પહોંચી ગયો અને તેની નાટ્યાત્મક ધરપકડને લઈને કેટલાક ટ્વીટ કરી ઉત્તર પ્રદેશ સરકારને આડેહાથ લીધી હતી.

## સરકાર પલટતા બચી ગઇ: અખિલેશ યાદવ

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે કાનપુર અથડામણના મુખ્ય આરોપી વિકાસ દુબેના એક્રાઉન્ટર પર સવાલ ઉઠાવ્યાં છે. અખિલેશ યાદવે ટ્વીટ કરીને કહ્યું કે 'હકીકતમાં આ કાર નથી પલટી પણ રહસ્ય ખુલવાથી સરકાર પલટતી બચી છે'

## સુપ્રિમ કોર્ટની દેખરેખ હેઠળ તપાસ યોજો : માયાવતી

આ બાજુ બસપા સુપ્રીમો માયાવતીએ અથડામણની તપાસની માગણી કરી છે. માયાવતીએ માગણી કરી છે કે આજે એક્રાઉન્ટરમાં માર્યા ગયેલા વિકાસ દુબે અને ૨ જુલાઈની રાતે શહીદ થયેલા ૮ પોલીસકર્મીઓના મામલે ઉચ્ચસ્તરીય તપાસ સુપ્રીમ કોર્ટની નિગરાણીમાં કરાવવી જોઈએ.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૨૪૭૮૨૯૪ | ૫૫૯૧૪૩ | ૬૬૩૮૧૮૯ |
| ભારત | ૮૧૮૬૪૭ | ૨૨૧૨૨ | ૫૧૩૫૦૩ |
| ગુજરાત | ૪૦૧૫૫ | ૨૦૨૪ | ૨૮૧૮૩ |
| ગાંધીનગર | ૯૧૪ | ૬૦ | ૫૬૫ |

# દેશમાં કોરોનાના કેસ આઠ લાખને પાર

**૨૪ કલાકમાં ૨૬ હજાર નવા કેસ, ૪૭૫ના મોત : મૃત્યુઆંક ૨૧૬૦૪એ પહોંચ્યો : દેશમાં ૪૩% મોત એવા દર્દીઓના જેમની ઉંમર ૩૦થી ૫૯ વર્ષ, ઉત્તરપ્રદેશમાં ૧૩ જુલાઈની સવારે ૫ વાગ્યા સુધી લોકડાઉનની જાહેરાત**

ન્યુ દિલ્હી,તા.૧૦

કોરોના વાઈરસરૂપી ગાડી જાણે કે અટકવાનું કે ધીમી પડવાનું નામ ન લેતી હોય તે રોજેરોજ કેસોમાં નવા નવા રેકોર્ડ નોંધાઈ રહ્યાં હોય ચેમ ગઈકાલે ગુરૂવારે સમગ્ર દેશમાંઅત્યારસુધીમાં સૌથી વધારે ૨૬ હજાર કરતાં વધારે કેસો નોંધાયા હતા.અનલોક-૨ના ૯મા દિવસે આ એક જ દિવસમાં જંગી વધારો સત્તાવાળાઓ માટે ચિંતા ઉપજાવે તેમ છે.

આજે શુક્રવારે સવારે પૂરા થયેલા છેલ્લાં ૨૪ કલાકમાં કુલ ૨૬,૫૦૬ કેસો નોંધાયા હતા અને આ જ સમય ગાળામા વધુ ૪૭૫ લોકોના મોત થયા હતા. તે સાથે કેસોની સંખ્યા વધીને ૮૦૪૮૬૧ થઈ છે. જ્યારે સારવાર હેઠળના કેસોની સંખ્યા વધીને ૨,૭૭,૯૪૨ અને સાજા થયેલી સંખ્યા તેના કરતાં વધારે, ૪,૯૬,૦૪૮ થઈ છે. તો આ તરફ દેશમાં અત્યાર સુધી ૪૩% મોત એવા દર્દીઓના થયા છે જેમની ઉંમર ૩૦ થી ૫૯ વર્ષની વચ્ચે હતી.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, ૩૦થી ૪૪ વર્ષની ઉંમરના ૧૧% દર્દીઓએ જીવ ગુમાવ્યા છે. આ ચાઈનીઝ બિમારીએ સૌથી વધુ ૬૦ વર્ષની ઉંમરના લોકોને અસર કરી છે.. આવા ૫૩% દર્દી છે. અત્યાર સુધી દેશમાં ૨૧ હજાર ૬૨૩ લોકોના મોત થયા છે. સંક્રમણને રોકવા ઉત્તરપ્રદેશમાં ૧૦ જુલાઈની રાતે ૧૦ વાગ્યાથી ૧૩ જુલાઈની સવારે ૫ વાગ્યા સુધી લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે શુક્રવારે કોરોનાના આંકડા જાહેર કર્યા હતા. જેના જણાવ્યાં પ્રમાણે, છેલ્લા ૨૪ કલાકમાં ૨૬ હજાર ૫૦૬ કેસ સામે આવ્યા હતા. સાથે જ ૪૭૫ લોકોના મોત થયા હતા. દરમ્યાન, મહારાષ્ટ્રના જેલ વિભાગે જણાવ્યું કે, રાજ્યમાં અત્યાર સુધી ૫૯૬ કેદી અને ૧૬૭ જેલ કર્મચારી પોઝિટિવ મળી આવ્યા છે. સૌથી વધુ સંક્રમણના કેસ નાગપુર કેન્દ્રીય જેલમાં સામે આવ્યા છે. અહીંયા ૨૧૯ અને ૫૭ સ્ટાફકર્મી સંક્રમિત થયા છે.

## છેલ્લે... છેલ્લે...

- ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, ચેન્નાઈ બાદ હવે પુણે, પીંપળી-ચિંચવાડ અને ગ્રામીણ પુનાના ભાગોમાં લોકડાઉનની ઘોષણા
- આરોપી પાસેથી ૩૫ લાખની લાંચ માંગનાર શ્વેતા જાડેતા સસ્પેન્ડ
- કર્ણાટકના મુખ્યમંત્રી શ્રી યદુરપ્પા હોમ કોરોન્ટાઈન, વર્ક ફ્રોમ હોમ.
- ચીન સાથે વણસતા સંબંધો વચ્ચે અમેરિકાએ પરમાણુ બોમ્બ બનાવવામાં લાગ્યુ.
- કોરોનાનું સંક્રમણ વધતા બિહારમાં ચૂંટણી ટાળવાની માંગને ચિરાગ પાસ્વાનનું સમર્થન.
- જીટીયુ ૩૦ જુલાઈ પહેલા પરીક્ષા લેશે.
- પાકિસ્તાનમાં કોરોના ફેલાવવાને લઈ અમેરિકા વિરૂદ્ધ ૨૦ અબજ ડોલરનો દાવો મંડાયો
- અમરનાથની યાત્રા રદ કરવા સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી
- નેપાળમાં દૂરદર્શન સિવાયની તમામ ભારતીય ન્યૂઝ ચેનલો પર પ્રતિબંધ
- રાજકોટમાં ખેતલાઆપા વિખ્યાત ચાની હોટલો સીલ

# ભારત વૈશ્વિક ક્ષેત્રે વૈકલ્પિક ઉર્જાનું સૌથી આકર્ષક બજાર છે: મોદી

**વડાપ્રધાનએ એશિયાના સૌથી મોટા સોલર પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું**

ન્યુ દિલ્હી,તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ



શુક્રવારે મધ્યપ્રદેશના રિવા સ્થિત સૌથી મોટા સૌર પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું છે. આ એશિયાનો સૌથી મોટો પ્લાન્ટ છે, જેની મોદીએ વીડિયો કોન્ફરન્સિંગથી શરૂઆત કરી છે. મોદીએ તેમના સંબોધનમાં કહ્યું આજે રીવાએ ઈતિહાસ રચ્યો છે. રીવાનો સોલર પ્લાન્ટ આ સમગ્ર ક્ષેત્રને ઉર્જાનું કેન્દ્ર બનાવશે. તેનાથી એમપીના લોકોને પણ લાભ થશે અને દિલ્હીમાં મેટ્રોને પણ વીજળી મળશે.

વડાપ્રધાન મોદીએ કહ્યું હવે રીવાવાળા કહેશે કે દિલ્હીની મેટ્રો અમારું રીવા ચલાવે છે. તેનો લાભ મધ્યપ્રદેશના ગરીબ, મધ્યમ વર્ગીય લોકો, ખેડૂતો અને આદિવાસીઓને થશે. આજે ભારત સૌર ઉર્જાના મામલામાં ટોપના દેશોમાં સામેલ છે. પીએમએ કહ્યું કે વીજળીની જરૂરિયાતના હિસાબથી સૌર ઉર્જા મહત્વની છે. સરકાર તેને પ્રોત્સાહન આપી રહી છે.

# અમેરિકાએ પાકિસ્તાન એરલાઈન્સની ફલાઈટ્સ પર પ્રતિબંધ લગાવ્યો

સિડની, તા.૧૦

અમેરિકા એ પાકિસ્તાનની ઈન્ટરનેશનલ એરલાઈન્સ પર પ્રતિબંધ મૂકી દીધો છે. અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ ટ્રાન્સપોર્ટેશને કહ્યું કે અમે પાકિસ્તાની ઈન્ટરનેશનલ એરલાઈન્સને પરમિશન આપવા સંબંધિત નિર્ણય બદલી નાખ્યો છે. જે મુજબ પાકિસ્તાની ઈન્ટરનેશનલ એરલાઈન્સ અમેરિકામાં ચાર્ટર ફલાઈટ્સ ઉડાવી શકે તેમ હતી. પરંતુ હવે તેના પર પ્રતિબંધ મૂકી દેવાયો છે.

અમેરિકાએ તેની પાછળ પાકિસ્તાની પાઈલટ્સના સર્ટિફિકેટ્સને લઈને ફેડરેશન એવિએશન એડમિનિસ્ટ્રેશનની ચિંતાઓનો હવાલો આપ્યો છે. અત્રે જણાવવાનું કે પાકિસ્તાન પોતાના અનેક પાઈલટો પર રોક લગાવી ચૂક્યું છે. ગત મહિને પાકિસ્તાને પોતાના ત્રીજા પાઈલટને નકલી લાઈસન્સના પગલે હટાવ્યો હતો.

આ બાજુ યુરોપિયન યુનિયન એવિએશન સેફ્ટી એજન્સીએ પીઆઈએના ઓથોરાઈઝેશનને સસ્પેન્ડ કર્યા છે. આ રોક ૬ મહિના માટે લગાવવામાં આવી છે.

# WHOની ટીમ તપાસ માટે ચીન પહોંચી

**પ્રાણીથી મનુષ્યમાં વાયરસ ક્યાંથી આવ્યો તેની તપાસ : વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના નિષ્ણાતો આગામી બે દિવસમાં બેઇજિંગમાં સમગ્ર મામલાની તપાસની તૈયારીઓ કરશે**

બેઈજિંગ,તા.૧૦

ચીનના વુહાનમાંથી પેદા થયેલો કોરોના વાયરસ મહામારી બનીને દુનિયામાં લાખો લોકોનો ભોગ લઈ ચૂક્યો છે ત્યારે વિશ્વ સ્વાસ્થ સંગઠનના નિષ્ણાંતોની ટીમ ચીન જશે અને એ તપાસ કરશે કે આ મહામારીની શરુઆત કેવી રીતે થઈ. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના નિષ્ણાંતો આગામી બે દિવસમાં બેઈજિંગમાં રહી તપાસની તૈયારીઓ કરશે. તેઓ ખાસ તપાસ માટે ગયા છે કે કોરોના વાયરસ પશુમાંથી મનુષ્યમાં કેવી રીતે પ્રવેશ થયો હતો. જોકે, વિજ્ઞાનીઓનું માનવું છે કે, આ વાયરસની શરુઆત ચામાચિડીયાથી થઈ હતી, જે કેટલાક પશુઓ થકી મનુષ્યો સુધી પહોંચી હતી. મહામારીના ઉદભવ અને ફેલાવાને લીધે ચીન સતત દુનિયાના દેશોને નિશાને

● અનુસંધાન પાન-૭ પર

